# ધર્મ-સમાજ-સંસ્થા



# 100 મોસ્ટ ઈનોવેટીવની યાદીમાં મુંજાલ ગજ્જર

## STPLકંપનીના નામે બે એવોર્ડ નોંધાયા

બિઝનેસ રિપોર્ટર | સુરત

એસટીપીએલ કંપનીના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ હેડ મુંજાલ ગજ્જરને ફોટોનિક્સ ઈન્ડસ્ટ્રીના ટોચના 100, મોસ્ટ ઈનોવેટિવ લોકોની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ સંસ્થા દ્વારા વાર્ષિક યાદી જાહેર કરવામાં આવે છે, જેમાં જેમાં વિશ્વના ફક્ત 100 વ્યક્તિઓને સ્થાન આપવામાં આવે છે.

વિશ્વસ્તરે વિશિષ્ઠ અને નોંધપાત્ર કામગીરી આપનારા લોકોને સન્માનિત કરવામાં આવે છે. જેમાં મુંજાલ ગજ્જરને સ્થાન મળ્યું છે. એસટીપીએલ કંપનીના મુંજાલ ગજ્જરે ફોટોનિક્સ, ખાસ કરીને લેસર ટેક્નોલોજીના ક્ષેત્રે નીતનવાં સંશોધનો દ્વારા દેશના સમગ્ર હીરાઉદ્યોગની કાયાપલટ



કંપનીના નામે નોંધાયેલા એવોર્ડ.

કરવામાં નોંધપાત્ર પ્રદાન આપ્યું છે. તેમણે આ જ ટેક્નોલોજીના ઉપયોગથી ભારતમાં મેડિકલ સ્ટેન્ટનું ઉત્પાદન શક્ય બનાવવામાં પણ વિશેષ નોંધપાત્ર ભૂમિકા ભજવી છે, આ પહેલથી ભારત મેડિકલ સ્ટેન્ટના ઉત્પાદન થકી આત્મનિર્ભર બન્યો છે.' સાથે સાથે એસટીપીએલ કંપનીને કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ (CII)ની વર્ષ 2022ની '50 મોસ્ટ ઈનોવેટિવ કંપનીઝ' યાદીમાં સ્થાન મળ્યું છે.